ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૩૪.૫ ડીગ્રી
લઘુતમ : ૨૪.૫ ડીગ્રી
ભેજ
સવારે ૮૦ ટકા ● સાંજે ૬૩ ટકા

# શહેરમાં સોશિયલ ડિસ્ટન્સીંગના લીરેલીરા

## ચાની કીટલી પર કે પાણીપુરીની લારી પર અંતર જળવાતું નથી : માસ્કનુ વેચાણ કરવાવાળા વેપારીઓ ખુદ માસ્ક નથી પહેરતા એ નવાઈની વાત છે

ગાંધીનગર, તા.૧

શહેરમાં દિવસે ને દિવસે કોરોનાના કેસમાં વધારો થઈ રહ્યો છે. સજાગતા જરુરી લાગે છે તે વ્યકિત કે પરિવાર ઘરની બહાર પણ નીળતા નથી ત્યારે અમુક નીડર બનીને ઘરની બહાર નીકળી જાય છે. ઓફિસે જતા કે ઘરની બહાર કામથી જતા યુવાનો કે મોટાઓ જેમને ઓનલાઈન માહિતી અને ખાસ કોરોનાની માહિતીની અપડેટ મળતી જ રહે છે છતાં પણ શહેરમાં અનેક શહેરીજનો પાણીપુરીની લારીઓ કે નાસ્તાની લારીઓ પર સોશિયલ ડિસ્ટન્સીંગનું પાલન કર્યા વગર નિર્ભય બનીને નાસ્તા પાણી કરી રહ્યા છે. શહેરના મોટા કોમ્પ્લેક્ષની બહાર યુવાનોના ટોળા જોવા મળે છે સાથે ચાની લારી પાસે માસ્ક વગર સોશિયલ ડિસ્ટન્સીંગ પાળ્યા વગર શહેરીજનો દેખાઈ રહ્યા છે.

સરકાર દ્વારા નિશ્ચિત સમયનું લોકડાઉન કોરોનાને કારણે કરવામાં આવ્યું હતું. ત્યારબાદ અનલોક સિરિઝન શરૂ થઈ અને હવે અનલોક-૫ નવી ગાઈડલાઈન સાથે અનુસરાશે. અનલોક ૧ થી ૫ સુધી સરકાર દ્વારા ધીમે ધીમે છૂટછાટ આપવામાં આવી એટલે કોરોનાનું સંક્રમણ જલ્દીથી વધે નહી. સામાન્ય નાગરિકને ઘરની બહાર નીકળવાના સમયથી લઈ દુકાન-ધંધા રોજગારના નિશ્ચિત સમયથી લઈ શાળા કોલેજ





થિએટર આ તમામ માટે સમય જતા કોરોનાને ધ્યાનમાં લઈ અલગ અલગ રીતે જાહેર જનતાના હિતમાં નિર્ણય લેવામાં આવ્યા. આ તમામ નિર્ણય તથા કોરોનાને લઈને કરવામાં આવતા સૂચનોને લઈને તમામ માહિતી સોશિયલ મીડિયા, ગૂગલ તથા જાહેરખબરોમાં આવતી રહે છે અને તેનાથી તમામ શહેરીજનો વાકેફ છે આ ઉપરાંત સરકાર દ્વારા જાહેર કરાતા કોરોનાના વધતા ઘટતા કેસના આંકડા વિશે પણ શહેરીજનોને માહિતગાર કરાય છે. આ તમામની જાણ હોવા છતાં શહેરમાં ઘણા માસ્ક વગર ફરતા જોવા મળે છે. ઘણા સોશિયલ ડિસ્ટન્સીંગના નિયમો તોડતા તો ઘણા કામકાજ વગર હરતા ફરતા નજરે ચઢે છે. ચાની કીટલી પર કે પાણીપુરીની લારી પર અંતર જળવાતું નથી. માસ્કનુ વેચાણ કરવાવાળા વેપારીઓ ખુદ માસ્ક નથી પહેરતા એ નવાઈની વાત છે આ ઉપરાંત ચા પીવા જતા તમામ જો ચા પીવા માટે માસ્ક ગળા પર રાખતા હોય તો થોડીક વાર માટે ચલાવી લેવાય પણ અમુક જગ્યાએ તો કોઈના ગળા પર પણ માસ્ક નથી દેખાતું એટલે કે તેમણે ચા પીવા માટે માસ્ક કાઢ્યું તેવું નહી માસ્ક પહેર્યું જ નથી. ગાંધીનગર શહેર જયારે શિક્ષિતોનું શહેર કહેવાય છે ત્યારે શિક્ષિતો જ જો કોરોનાને લઈને અમુક તકેદારી નહી રાખે તો બિચારા ગરીબ ગુરબા પાસેથી દંડ લેવો નક્કામો છે. શિક્ષિતો પાસેથી દંડ લેવાય અને ખરેખર તેઓ પકડાય તેવા કિસ્સા બને તો સમજાય બાકી દંડ તો હેલ્મેટ ન પહેરવા માટેનો પણ હતો અને માસ્ક ન પહેરવા માટેનો પણ સરકાર દ્વારા રાખવામાં આવ્યો છે પણ આંકડા શાસ્ત્રની ભાષામાં કહેવાય છે ને સેમ્પલીંગ અને દંડ પર રેન્ડમ સેમ્પલીંગથી જે માસ્ક વગર દેખાય તેના પાસેથી જ વસૂલાય છે બાકી કયાં કોઈને ખબર છે કે જેને કોરોના છે તે પણ માર્કેટમાં માસ્ક વગર ફરતો હશે તો શું થશે?

# અડાલજ સ્થિત ગોડાઉનમાંથી વિદેશી દારૂની ૩૫૯૭ બોટલ ઝડપાઈ

## આઈસ્ક્રીમ માટે ગોડાઉન ભાડે રાખ્યું હતું, પોલીસે ૭૫૦ એમએલની ૨૦૬૩, ૧૮૦ એમએલની ૧૫૩૪, કસ્ટર્ડ - સ્ટાર્સ પાઉડર સહિત કુલ રૂ.૯,૯૩,૩૫૦ નો મુદ્દામાલ કબ્જે કર્યો

ગાંધીનગર, તા.૧

અડાલજ વિસ્તારમાં આઈસ્ક્રીમના નામે ભાડે આપેલા ગોડાઉનમાંથી વિદેશી દારૂનો મોટો જથ્થો અડાલજ પોલીસે ઝડપી પાડ્યો છે. પોલીસે ગોડાઉનમાંથી




રૂ.૯,૭૮,૬૦૦ ની ૩૫૯૭ બોટલ, સ્ટાર્સ પાઉડરની થેલી નંગ-૫૦ કિં.રૂ.૩૫૦૦ તેમજ વેનીલા કસ્ટડ પાઉડર થેલી નંગ-૧૨૫ કિં.રૂ. ૧૧,૨૫૦ તેમજ ૪૭ ખાલી પુંઠા કુલ રૂ. ૯,૯૩,૩૫૦ નો મુદ્દામાલ કબ્જે કરી પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

ગાંધીના ગુજરાતમાં દારૂબંધી છે. પરંતુ આ દારૂબંધી માત્ર કાગળ પર હોય તેમ લાગી રહ્યું છે. રાજયના પાટનગરમાં અડીને આવેલા અડાલજ વિસ્તારમાંથી ગોડાઉનમાંથી મોટીમાત્રામાં વિદેશી દારૂની બોટલો મળી આવી છે. ત્યારે મળતી વિગત મુજબ અડાલજ પીઆઈ ડી.એ.ચૌધરીને દારૂના ગોડાઉન અંગે ખાનગી રાહે બાતમી મળી હતી. જેને પગલે અડાલજ સ્થિત મોર્ડન બિલ્ડર્સ ગોડાઉન એન-૧ ખાતે પોલીસે રાત્રીના સુમારે રેઈડ પાડી હતી.જેમાં ગોડાઉનનું શટર બંધ હાલતમાં હતું. પોલીસે શટર ઉંચુ કરી અંદર પ્રવેશી તે સમયે પુંઠાના બોકસ જોવા મળ્યા હતા. પોલીસે પુંઠાના બોકસ ચેક કરતા તેમાંથી વિદેશી દારૂની ૭૫૦ એમએલની ૨૦૬૩ અને ૧૮૦ એમએલની ૧૫૩૪ મળી કુલ ૩૫૯૭ વિદેશી દારુની બોટલ મળી આવી હતી. ગોડાઉન અંગે પોલીસે તપાસ કરતા પ્રદિપ જેઠવાણી નામના શખ્સે મોનીકા આઈસ્ક્રીમ નામથી વેપાર ચાલતો હોવાનું કહી ગોડાઉન ભાડે રાખ્યું હતું.પોલીસની રેઈડ દરમિયાન ગોડાઉનમાંથી કોઈ મળી આવ્યું ન હતું. પોલીસને ગોડાઉનમાંથી દારુ, ઉપરાંત સ્ટાર્સ પાઉડર, કસ્ટડ પાઉડર તેમજ ૪૭ ખાલી બોકસ મળી રૂ.૧૪,૭૫૦ સહિત કુલ રૂ.૯,૯૩,૩૫૦ નો મુદ્દામાલ કબ્જે કરી પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.પોલીસે ગોડાઉન ભાડે રાખનાર પ્રદિપ જેઠવાણી અને તેને દારૂ આપનાર સામે પ્રોહિબિશન એકટ મુજબ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. અડાલજ વિસ્તારમાં દારૂનો વેપાર કેટલાક સમયથી ચાલી રહ્યો હતો અને દારૂનો આટલો જથ્થો તે કયાંથી લાવ્યો, કેવી રીતે લાવ્યો તેમજ અન્ય કોઈ વ્યકિતની પણ સંડોવણી છે કે નહીં તે સહિતના પ્રશ્નોના જવાબ આરોપી પકડાશે પછી ખબર પડશે.

### સ્વાગત સીટી રેસીડેન્સી પાસે જીપમાંથી ૪૨ બોટલ દારૂ સાથે યુવક ઝડપાયો

અડાલજ સ્વાગત સીટી રેસીડેન્સી પાસે જાળીમાંથી ગત રાત્રીના સુમારે ઉભી રહેલી મહીન્દ્રા માર્શલ જીપ નં.જી.જે.૦૧.એચ.સી.-૪૮૯૭ માંથી પોલીસે ૪૨ બોટલ દારુ અને દારુના ૬૦ પાઉચ સાથે એક યુવકને ઝડપી પાડ્યો હતો. પોલીસે યુવકને નામ પુછતા તેણે તક્ષીલ અતુલભાઈ બારોટ (ઉં.૨૩, રહે.૫૫ રઘુવીર સોસા. કલોલ) હોવાનું ધ્યાને આવ્યું હતું. અડાલજ પોલીસે રૂ. ૪૫,૧૨૦ની કિંમતનો દારૂ, રૂ.૧ લાખની કાર, અને બે મોબાઈલ ફોન મળી કુલ રૂ. ૧.૪૮ લાખના મુદ્દામાલ કબ્જે કરી આરોપી યુવક સામે પ્રોહી એકટ મુજબ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.



'ગ' માર્ગને પહોળો કરવાની કામગીરી ચાલી રહી છે. આ કામગીરી અંતર્ગત સેકટર-૧ ૩નું બસ સ્ટેન્ડ તોડી નાંખવામાં આવ્યું છે. આ બસ સ્ટેન્ડ હજુ થોડાક સમય પહેલાં જ બનાવાયું હતું.

# ૧૫ વર્ષથી નાસતા ફરતા આરોપીને એલસીબી-૨ પોલીસે ઝડપી પાડ્યો



ગાંધીનગર, તા.૧

ગાંધીનગર શહેરના સેકટર-૨૧ પોલીસ મથક વિસ્તારમાં ડુપ્લીકેટ સોનું બતાવી સસ્તા ભાવે વેચાણ આપવાની લાલચ આપી નાગરીકો સાથે છેતરપિંડી કરી છેલ્લા ૧૫ વર્ષથી નાસતા ફરતા આરોપી શેરખાન મજીદખાન પઠાણ રહે. ગામ મદન, તાજી.કચ્છ વાળાને ઘરેથી એલીસીબી-૨ પોલીસે ઝડપી પાડ્યો હતો. મળતી વિગત મુજબ એલીસીબી-૨ પીઆઈ એચ.પી.ઝાલાના માર્ગદર્શન હેઠળ ટીમના સભ્યો કાર્યરત હતા તે સમયે પીએસઆઈ એસ.પી.જાડેજાને ખાનગી રાહે ચોક્કસ બાતમી મળી હતી. સે-૨૧ પોલીસ મથકના છેતરપિંડના ગુનામાં છેલ્લા ૧૫ વર્ષથી નાસતો ફરતો આરોપી પોતાના ઘરે હાજર છે. જેને પગલે પોલીસે કચ્છના મદન ગામેથી શેરખાનને દબોચી લીધો હતો. પોલીસે તેની પુછતાછ કરતા તેણે ૧૫ વર્ષ ભાગતો ફરતો હોવાનું જણાવ્યું હતું. જેને પગલે પોલીસે તેની સામે કાયદેસરની કાર્યવાહી કરી સેકટર-૨૧ પોલીસને વધુ તપાસ માટે સોંપવામાં આવ્યો છે.




કડી ખાતે લાયન્સ ક્લબ દ્વારા રક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું જેમા ઈન્ડિયન રેડક્રોસ સોસાયટીની કલોલ શાખાના સહયોગથી ૩૭ યુનિટ્સ રક્ત એકત્રિત કરવામાં આવ્યું હતું. કેમ્પમાં રક્તદાતાઓને પ્રોત્સાહિત કરવા આયોજક દ્વારા રૂ.૧૧૦૦ની કિંમતની શુભેચ્છા ભેટ આપવામાં આવી હતી.

# સંસ્કાર ગૃપના બાળકો દ્વારા ગાંધીજીના ચિત્ર દોરીને ગાંધી જયંતિ ઉજવાશે

ગાંધીનગર, તા.૧

આજે મહાત્મા ગાંધી જયંતિ તથા વન્ય પ્રાણી સપ્તાહ દિનની ઉજવણી સંદર્ભે સંસ્કાર ગૃપના બાળકો પોતપોતાના ઘરે જ ગાંધીજીને યાદ કરી ચિત્રો દોરી તેમના જીવન ચરિત્ર્ય વિશે નોંધ લખી ઉજવણી કરશે. ઉપરાંત વન્ય પ્રાણી સપ્તાહની ઉજવણીના ભાગરૂપે પણ વન્ય જીવોને લગતા ચિત્રો બાળકો દ્વારા દોરવામાં આવશે.

# આજથી એક સપ્તાહ સુધી ગાંધી વિચાર પર યુ-ટયુબના માધ્યમથી ડૉ. રાજેન્દ્ર જાનીની વ્યાખ્યાન શ્રેણી

ગાંધીનગર, તા.૧

રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીની ૫૧મી જન્મજયંતી પ્રસંગે ગુજરાત યુનિવર્સિટીના સમાજશાસ્ત્ર વિભાગના એસોસિયેટ પ્રોફેસર પ્રા. ડૉ. રાજેન્દ્ર જાની '૨૦૨૦ શ્રૃતિ : ગાંધી સ્મૃતિ' વ્યાખ્યન શ્રેણી અંતર્ગત એક સપ્તાહ સુધી દરરોજ યુ ટયુબ ચેનલના માધ્યમથી પૂ. બાપુના જીવનકવન સંદર્ભે સમાજશાસ્ત્રીય દષ્ટિકોણથી જુદા જુદા વિષય ઉપર મનનીય વ્યાખ્યાન આપશે. આ વ્યાખ્યાન શ્રેણીના વિવિધ વિષય ઉપરના વ્યાખ્યાન યુ ટયુબ ચેનલ 'ડૉ. રાજેન્દ્ર જાની'થી જોડાઈ શકાશે. આ ઉપરાંત ફેસબુક અને વ્હોટસએપ સહિતના સોશ્યલ મીડિયા ઉપર વિડિયો લિંક શે'ર કરવામાં આવશે. આ કાર્યક્રમમાં રાજયની વિવિધ યુનિવર્સિટી અને સંલગ્ન કોલેજોના અધ્યાપક મિત્રો, વિદ્યાર્થી મિત્રો, કર્મશીલો પણ જોડાશે. ગાંધી વિચારની આ વ્યાખ્યાન શ્રેણીમાં જોડાવા માટે જાહેર આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

# 'સાબરમતી વંદના' થકી લોકમાતા સાબરમતીને બારમાસી બનાવવા જાગૃત નાગરિક પરિષદની અપીલ

ગાંધીનગર, તા.૧

મહાત્મા ગાંધીજીએ સ્થાપેલા સાબરમતી આશ્રમને કારણે દુનિયાભરમાં પ્રસિદ્ધિ પામેલી લોકમાતા સાબરમતીનો સાદ ગુજરાતીઓએ સાંભળવાનો સમય આવી ગયો છે. ગુજરાતની આ મુખ્ય નદી પુનઃ બારમાસી બને તે માટે 'સાબરમતી વંદના અભિયાન'નો પ્રારંભ કરવા ગાંધીનગર જાગૃત નાગરિક પરિષદે આહ્વાહન કર્યું છે.

ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીને આવેદનપત્ર દ્વારા અપીલ કરતા ગાંધીનગર જાગૃત નાગરિક પરિષદના પ્રમુખ શ્રી જ્યોતીન્દ્રભાઈ દવેએ જણાવ્યું છે કે લોક સંત / ટેક્નોક્રેટના અધ્યક્ષપદે 'સાબરમતી વંદના અભિયાન ટ્રસ્ટ'ની રચના કરવામાં આવે અને તેમાં લોકસંતો, પ્રકૃતિપ્રેમીઓ , પર્યાવરણ વિદો, તજજ્ઞો, ઉદ્યોગપતિઓ વગેરેને જોડીને સાબરમતીને બારમાસી બનાવવા વિવિધ યોજનાઓ સાકાર કરવામાં આવે. સૂચિત આયોજનની રૂપરેખા આપતા ગાંધીનગર જાગૃત નાગરિક પરિષદે જણાવ્યું છે કે સાબરમતીના ત્રણસો કિલોમીટરના તટ પર બન્ને બાજુ વૃક્ષારોપણ કરી તેના સંવર્ધન - સંરક્ષણના કાર્યક્રમો અમલમાં મૂકવામાં આવે. નદીમાં ચોમાસાનું પાણી જળવાઈ રહે તે માટે નદીનાં ૫ તટ ઊંડા કરવાના તેમજ આડબંધ બાંધવાનાં કામો શરૂ કરવામાં આવે. સાબરમતીના તટ પર આવેલાં ગામોનો નદી કાંઠો રળિયામણો બનાવવામાં આવે. નદીમાં ઠલવાતા ઉદ્યોગોના ગંદા પાણીનો વિકલ્પ શોધી નદીનાં જળ નિર્મળ બનાવવામાં આવે.

જ્યોતીન્દ્રભાઈ દવેના અધ્યક્ષસ્થાને મળેલી ગાંધીનગર જાગૃત નાગરિક પરિષદના કારોબારી સભ્યોની વર્ચ્યુઅલ બેઠકમાં સર્વ શ્રી એચ. બી. વરિયા, ભાનુપ્રસાદ પુરાણી, વાગ્મિનભાઈ બૂચ, પ્રોફેસર રવીન્દ્રભાઈ દવે, હેમંતભાઈ સુથાર, સુમંતભાઈ શાહ, એસ ડી આર મલિક, જે.જી.વોહરા, મનિષભાઈ દવે, રાજેન્દ્રભાઈ પારેખ, ભાનુકાન્ત પી. પરમાર, લક્ષ્મણસિંહ રાજપુત, અશ્વિનભાઈ સિકલીન્ગર, હસમુખભાઈ ઠાકર, કુસુમબેન જોષી, જીતેન્દ્રભાઈ ત્રિવેદી, દશરથભાઈ પરમાર, અશ્વિનભાઈ સિકલીન્ગર વગેરેએ ભાગ લીધો હતો અને મહત્વનાં સૂચનો કર્યાં હતાં.

# રોટરી ક્લબ ઓફ કેપીટલ દ્વારા કોરોના વૉરીયર્સનું સન્માન




ગાંધીનગર, તા.૧

ગાંધીનગરની રોટરી ક્લબ ઓફ કેપીટલ દ્વારા પાટનગરની સિવિલ હોસ્પિટલ ખાતે 'કોરોના વૉરીયર્સ'ના સન્માનનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં સીવીલ હોસ્પિટલના સુપ્રીટેન્ડેન્ટ નિયતિબહેન લાખાણી અને આરએમઓ સુધાબહેન શર્મા તેમજ રોટરી કલબ ઝોન-૯ના આસીસ્ટન્ટ ગવર્નર પ્રદીપ ભાઈ રુસ્તોગી, કલબના પ્રમુખ ઈલાબહેન વૉરા, સચિવ હસમુખ મેકવાન, રોટે. વિભાબેન ઠકકર ઉપસ્થિત માં કોવિડ વૉર્ડમાં કોવિડ-૧૯ના ભોગ બનેલાની ખડે પગે સેવા કરતા સફાઈ કામદારને રોટરી કલબ ઓફ કેપીટલ ગાંધીનગરના ટી-શર્ટ આપી સન્માન કરવામાં આવ્યું હતું.

### ચિરવિદાય

- સ્વ. પટેલ શંભુભાઈ અમરતભાઈ, ઉ.વ. ૬૨, માણસા, જી. ગાંધીનગર
- સ્વ. મહેશભાઈ રમેશભાઈ પરમાર, ઉ.વ. ૩૦, કલોલ, જી. ગાંધીનગર
- સ્વ. ધીરજકુમાર પરસોત્તમદાસ પટેલ, ઉ.વ. ૬૦, બુટાકીયા ડભોડા, તા. ગાંધીનગર
- સ્વ. પટેલ વિષ્ણુભાઈ શંકરલાલ, ઉ.વ. ૬૩, ખરણા, તા. માણસા
- સ્વ. કાંતિભાઈ ગાંડાભાઈ પટેલ, ઉ.વ. ૭૩, સાણોદા, જી. ગાંધીનગર
- સ્વ. શિવાભારતી અમૃતભારતી ગોસ્વામી, ઉ.વ. ૬૨, રાંધેજા, જી. ગાંધીનગર
- સ્વ. પરમાર કરશનભાઈ ફુલાભાઈ, ઉ.વ. ૮૩, માણેકપુર, તા. માણસા
- સ્વ. નાયક કંચનબેન લાલજીભાઈ, ઉ.વ. ૮૫, સેકટર-૨, ગાંધીનગર




કોરોનાકાળમાં વિવિધ સામાજિક અને શૈક્ષણિક પ્રવૃત્તિઓ ઓનલાઈન થઈ ગઈ છે. શ્રી પી.કે.ચૌધરી મહિલા આર્ટસ કોલેજના હોમ સાયન્સ વિભાગ દ્વારા પરસોત્તમ માસની ઉજવણી અંતર્ગત નેશનલ વેબીનારનું આયોજન કરવામાં આવ્યું હતું. ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી અને સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટસ યુનિવર્સિટીના સંયુકત ઉપક્રમે આ વેબીનાર યોજાયો હતો.

# સાદરા ગામે દિવાલના ચણતર મુદ્દે મારામારી સર્જાઈ

ગાંધીનગર, તા.૧

ગાંધીનગર નજીક આવેલા સાદરા ગામે વરસાદમાં બે દુકાન ધરાશાઈ થઈ ગઈ હતી. જે દુકાનનું ચણતરનું કામ ચાલી રહ્યું હતું. ત્યારે દિવાલના ચણતર મુદ્દે સામાન્ય બાબતે મારામારીની ઘટના બનવા પામી હતી. ત્યારે આ ઘટનામાં સામસામે ફરીયાદ નોંધાતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

મળતી વિગત મુજબ ઈશ્વરભાઈ ચતુરભાઈ રાવળ અને તેમનો દિકરો ભાવેશ ભાઈ દિનેશભાઈ મોદીની દુકાનની દિવાલનું ચણતર કામ કરી રહ્યા હતા. તે સમયે ગામના જગદીશભાઈ મોઢે (પટેલ) આવીને કામ બરાબર ન હોવાથી સળીયા ચાલશે નહી. જેથી ઈશ્વરભાઈએ દિનેશભાઈ સાથે થયેલી ચર્ચા મુજબ કામ કરી રહ્યા છીએ. તેમ કહેતા જગદીશભાઈ અપશબ્દો બોલીને હાથમાં રહેલો ધોકો મારીને ગડદા-પાટુનો માર માર્યો હતો. ઝઘડાને પગલે દોડી આવેલા સ્થાનિક નાગરીકો સંજય જશંવત ચૌહાણ, વિક્રમ ચૌહાણ તેમજ જાલમે પણ ઈશ્વર રાવળ અને તેમના દિકરાને માર માર્યો હતો. ત્યારબાદ જાનથી મારી નાંખવાની ધમકી આપી તમામ ભાગી ગયા હતા.જેથી ચાર વ્યકિત સામે પેથાપુર પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે તપાસ શરુ કરી છે.

જયારે સામે પક્ષે જગદીશ મણીલાલ પટેલ એ ચિલોડા પોલીસ મથકે ફરીયાદ નોંધાવી છે કે તેઓની બાજુમાં આવેલી દિનેશભાઈની દુકાનનું કામ ગામના મોન્ટુભાઈ ચતુરભાઈ રાવળને આપ્યું હતું. બે દુકાનો વચ્ચે કોમન દિવાલ પર બીમ ભરવા માટે સળીયા યોગ્ય નથી તેવી ટકોર કરી હતી. જેથી મોન્ટુએ દિનેશભાઈની દુકાનનું કામ કરી રહ્યો છુ તમારે શું લેવા દેવા કરી અપશબ્દો બોલી જગદીશભાઈને ગડદાપાટુનો માર માર્યો હતો. આ સમયે મોન્ટુભાઈનો દિકરો ભાવેશ પાવડો લઈને મારવા આવી ગયો હતો. જો કે સ્થાનિક નાગરીકો દોડી આવતા વધુ મારમાંથી છોડાવ્યા હતા. જયારે જતા જતા બાંધકામ અંગે માથાકુટ કરીશ તો દિવાસ નીચે દાટી દઈશ તેવી ધમકી આપી જતા રહ્યા હતા. જયારે બંન્ને પક્ષે સામસામે ફરીયાદ આપતા પોલીસે તપાસ શરુ કરી છે.